શું વિજળીનું વધારે બીલ તમારી ઠંડક ઉડાડી દે છે ...??
BLUE STAR એરકંડીશનર
ઓથોરાઇઝ્ડ ડીલર
ભરત મશીનરી સ્ટોર્સ - ભરત એન્ટરપ્રાઇઝ
૪, પટેલ બોર્ડીંગ, સ્ટેશન રોડ, અમરેલી.

અમરેલી, ગાંધીનગર અને સુરતથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.Amreli / 69/15-17 Validup to 31/12/17

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૧૦ કિંમત રૂા.૩-૦૦
તા.૧૧-૭-૨૦૧૫ શનિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP
ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ : ૨૨૦૧૫૫ /૨૨૪૯૪૭
99096 11211
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,avadhtimes1@rediffmail.com, news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ, હેડપોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૭૧ અષાઢ વદ ૧૦ વર્ષ : ૧૯ અંક ૨૭૦



પાંચમી વાર્ષિક પુણ્યતીથીએ
**શ્રધ્ધાંજલી**
**સ્વ.ઇન્દુબેન બી.વાઘેલા**
જ.તા. ૦૮-૦૫-૧૯૬૪
સ્વ.તા. ૧૧-૦૭-૨૦૧૦

સુખ દુઃખમાં સદા હસ્તા રહયા તમે, સૌના હૃદયમાં વસતા રહયા તમે, હતા નજર સમક્ષ, પાંપણના પલકારે મોક્ષ પામી ગયા. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના..

લિ
બી.પી. વાઘેલા
મીતલ બી. વાઘેલા - મોહીત બી. વાઘેલા
ડો.ચિરાગભાઇ (વિકાસ ક્વાર્ટર - ધારી)

## ગુજરાત સરકાર દ્વારા અમરેલીની આપતિ માટે લેવાયેલો મહત્વનો નિર્ણય

# શનિ-રવિ સરકારી કચેરીઓ ખુલ્લી

### અમરેલી જિલ્લાની તમામ કચેરીઓનો ૩૦૦૦ ઉપરાંતના અધિકારીઓ અને કર્મચારીઓની રજા રદ : શનિ-રવિ બે દિવસ તમામ કચેરીઓ ખુલ્લી રહેશે

અમરેલી, ગુજરાત સરકાર દ્વારા અમરેલીની આપતિ માટે લેવાયેલો ખુબજ મહત્વનો નિર્ણય લેવાયામાં આવ્યો છે. આજે શનિ-રવિ અમરેલી જિલ્લાની સરકારી કચેરીઓ ખુલ્લી રહેશે. કારણ કે અમરેલી જિલ્લા ઉપર આવેલી આપતિના કારણે રાજયના ચીફ સેક્રેટરી તથા મુખ્યમંત્રીનું કાર્યાલય અને મહેશુલ વિભાગના અગ્ર સચીવ દ્વારા સતત સમીક્ષા કરાઇ રહી છે.અસરગ્રસ્તોને રાહત સહાયની કામગીરી સતત ચાલુ રહે અને તેમને સાધનીક કાગળો કે કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે તેને માટે અમરેલી જિલ્લાની તમામ કચેરીઓનો ૩૦૦૦ ઉપરાંતના અધિકારીઓ અને કર્મચારીઓની રજા રદ કરવામાં આવી છે. શનિ-રવિ બે દિવસ કચેરીઓ ખુલ્લી રહેશે. રાહત, સમીક્ષાની કામગીરી અવિરત રાખવા કલેકટરશ્રી સુથારના નિર્ણયથી તંત્ર દ્વારા ચાલતી કામગીરી અવિરત રહેવાથી લોકોને ખુબ જ સરળતા રહેશે.




મહાદેવ હર ॐ નમઃશીવાય મહાદેવ હર

# ભાવભરી શ્રધ્ધાંજલી



**સ્વ. પરમ પુજય શ્રી જયંતીદાદા રાવલ (પ્રખર વિદ્વાન ધારાશાસ્ત્રી)**

''ખંડેર દેખ કર માલુમ હોતા હૈ કી ઇમારત કિતની બુલંદ થી''
'' અંજલી આપવા માટે અમારી પાસે શબ્દો જ નથી''
પરમ કૃપાળુ પરમાત્મા શ્રી દ્વારકાધીશ તેમના પવિત્ર આત્માને શાંતી અર્પે...

લિ

સ્વ.આહિરશ્રી જેઠસુરભાઇ જસાભાઇ કોઠીવાળ - આહિરશ્રી અમરૂભાઇ જસાભાઇ કોઠીવાળ
સ્વ.આહિરશ્રી રામભાઇ જસાભાઇ કોઠીવાળ - આહિરશ્રી મનુભાઇ જસાભાઇ કોઠીવાળ
આહિરશ્રી એભલભાઇ જેઠસુરભાઇ કોઠીવાળ - આહિરશ્રી રણધીરભાઇ અમરૂભાઇ કોઠીવાળ
આહિરશ્રી ચાંપરાજભાઇ જેઠસુરભાઇ કોઠીવાળ - આહિરશ્રી ભરતભાઇ અમરૂભાઇ કોઠીવાળ
આહિરશ્રી પ્રતાપભાઇ જેઠસુરભાઇ કોઠીવાળ - આહિરશ્રી બળવંતભાઇ અમરૂભાઇ કોઠીવાળ
આહિરશ્રી દિલીપભાઇ જેઠસુરભાઇ કોઠીવાળ - આહિરશ્રી બાવકુભાઇ રામભાઇ કોઠીવાળ
આહિરશ્રી વનરાજભાઇ રામભાઇ કોઠીવાળ - આહિરશ્રી હરદેવભાઇ વિજયભાઇ કોઠીવાળ
આહિરશ્રી વિજયભાઇ મનુભાઇ કોઠીવાળ (લીવરપુલ શો-રૂમ વાળા)
**નાના માચીયાળા મોટીડેલી કોઠીવાળ પરીવાર તથા**
**નાના માચીયાળા આહિર સમાજ ના ॐ નમો નારાયણ...**

**મોકાની દુકાન ભાડે આપવાની છે**
જિલ્લા પંચાયત સામે સરદાર શોપીંગ સેન્ટરમાં ગ્રાઉન્ડ ફ્લોર ઉપર ખુબ જ મોકાની દુકાન ભાડે આપવાની છે
**સંપર્ક**
૯૪૨૮૦ ૪૦૪૦૧, ૯૯૨૫૨ ૩૯૯૯૯




**વર્તમાન સમયમાં અમે આપની સાથે છીએ...**
**અસરગ્રસ્તો પ્રત્યે અમારી સંવેદના છે અને**
**અમારા પરીવારના સભ્યો એવા શ્યામનગરીના લોકોની અમે સાથે છીએ**

# શ્યામ નગરી

દાદા ભગવાનના મંદિર પાસે લિલિયા રોડ, અમરેલી







**ખાસ સુચના : શ્યામનાં લાડીલા મેમ્બર્સ માસિક હપ્તા માંથી રાહત**

શ્યામ નગરીના તમામ મેમ્બરોને જણાવવાનું કે આપશ્રીએ ખરીદેલા પ્લોટ નાં દર માસે આવતા માસિક હપ્તા ભરવામા રાહત આપવામા આવે છે

**હપ્તા ભરવામા એક નહી બે નહી પરંતુ**
**છ માસ સુધીની રાહત આપવામા આવે છે**

પરિસ્થિતિને ધ્યાનમાં રાખતા આપનાં સંજોગો અનુસાર
આપને હપ્તા ભરવામા માંથી રાહત આપવામા આવે છે

છ મહિના બાદ શ્યામનગરીના માસિક હપ્તા રેગ્યુલર ચાલુ થશે જેની ખાસ નોંધ લેવી
એટલે કે ૨૪ મહિના ને બદલે ૩૦ મહિનાની કન્ડીશન આપવામા આવે છે.

શ્યામનગરીના ૧૮૨ મેમ્બર્સને જાણ માટે...

**લિ. શ્યામ ડેવલોપર્સ ફોન : ૨૨૫૪૭૦**
સાઇટ લિલિયા રોડ, દાદા ભગવાનના મંદિર પાસે અમરેલી.

**અમરેલીમાં વેગ પકડતું કોંગ્રેસનું આંદોલન : પ્રદેશ કોંગ્રેસ પણ ભાજપને ભીડવવા માટે અમરેલીને ઢીલુ નહિ મુકે**

# અમરેલીમાં વધુ આક્રમક બનતુ કોંગ્રેસનું આંદોલન

**ધારાસભ્ય શ્રી ધાનાણી,પ્રદેશ મંત્રીશ્રી રંઘોળીયા અને શ્રી ભડકણના અન્નસનનો બીજો દિવસ**

**પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીનું સતત માર્ગદર્શન : કુવરજીભાઇ બાવળીયાના ધામા**

**પુર્વ સાંસદ શ્રી વિરજીભાઇ પણ આક્રમક મુડમાં : જિલ્લામાં કોંગ્રેસ એક બની રહી છે**

**રાજયભરમાંથી ધારાસભ્યો તથા જિલ્લા કોંગ્રેસ સમિતીઓ અમરેલીની મુલાકાતે**

**ભાજપ સરકાર ભવાઇ બંધ કરે : શ્રીઠુંમર**

**અમે અસરગ્રસ્ત જનતા સાથે જ છીએ : શ્રી બાવળીયા**

**ત્રણ દિવસ સુધી તંત્ર હતુ જ નહિ : ધારાસભ્ય શ્રી રીબડીયા**

**અમે વિધાન સભામાં પણ મુદ્દો ઉઠાવશુ : ધારાસભ્ય શ્રી ચાવડા**

**જાનવરો પણ એક થયા હતા : માણસો કયારે થશે ?: શ્રી ધાનાણી**

**અમે છેલ્લા શ્વાસ સુધી લડશું : શ્રી કાનાબાર**

**શેત્રુંજીમાં ૧૫ ફુટ નીચે અનેક લાશો ધરબાયેલી છે**

**હવે જલદ આંદોલન એજ ઉપાય : શ્રી પ્રતાપ દૂધાત**

**કુંડલાના અનેક ગામોને અન્યાય : શ્રી ઝીંઝુવાડીયા નેપાળને સહાય અમરેલીને અન્યાય : શ્રી રંઘોળીયા**

**આ ભાજપ સરકારને ઓળખી લેજો : શ્રી કાછડીયા બહેનો તેના વિરાને અત્યારે શોધે છે : શ્રી કોટડીયા**

**લીલીયામાં કિટ દેવામાં પણ ભેદભાવ : શ્રી ભેડા દસ કરોડની સહાય થી કઇ નહી વળે : શ્રી વાળા**

**ભાવનગર,સુરેન્દ્રનગર,રાજકાટ,બોટાદ,કાલાવાડ, વિસનગર, છોટાઉદેપુરથી કોંગ્રેસની ટીમો આવી**



અમરેલી, અસરગ્રસ્તોને પેકેજ આપવાની માંગણી સાથે અમરેલીમાં કોંગ્રેસનું આંદોલન હવે વેગ પકડી રહ્યુ છે અને પ્રદેશ કોંગ્રેસ પણ ભાજપને ભીડવવા માટે અમરેલીને ઢીલુ નહિ મુકે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે અને તેને કારણે અમરેલીમાં કોંગ્રેસનું આંદોલન વધુ આક્રમક બની રહ્યુ છે. ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણી, કોંગ્રેસના પ્રદેશ મંત્રીશ્રી ઝવેરભાઈ રંઘોળીયા અને સૌરાષ્ટ્ર હિત રક્ષક દળના શ્રી નંદલાલ ભડકણના અનસનના બીજા દિવસે પ્રદેશ પ્રમુખ શ્રી ભરતસિંહ સોલંકીનું સતત માર્ગદર્શન મળી રહ્યુ છે અને સૌરાષ્ટ્રના આગેવાન અને પુર્વ સાંસદશ્રી કુવરજીભાઈ બાવળીયાના અમરેલીમાં ધામા છે. પુર્વ સાંસદ શ્રી વિરજીભાઈ પણ આક્રમક મુડમાં છે. અને અત્યારે જિલ્લામાં કોંગ્રેસ એક બની રહી છે. રાજયભરમાંથી ધારાસભ્યો તથા જિલ્લા કોંગ્રેસ સમિતીઓ અમરેલીની મુલાકાતે આવી રહી છે. ભાજપ સરકાર ભવાઈ બંધ કરે અને તાત્કાલીક પેકેજ જાહેર કરે કેસરી ફટકાઓ તેવડ હોય તો પેકેજ અપાવે તેમ શ્રીઠુંમરે જણાવ્યુ હતુ તો અમે અસરગ્રસ્ત જનતા સાથે જ છીએ અને તેને ન્યાય અપાવીને ઝંપીશું તેમ શ્રી કુવરજીભાઈ બાવળીયાએ જણાવ્યુ હતુ. જયારે આફત આવી ત્યારે પહેલા ત્રણ દિવસ સુધી તંત્ર કયાંય હતુ જ નહિ તેમ વિસાવદરના ધારાસભ્ય શ્રી હર્ષદભાઈ રીબડીયાએ જણાવ્યુ હતું. અને અમરેલીને કરાઈ રહેલા અન્યાય માટે અમે વિધાન સભામાં પણ મુદ્દો ઉઠાવશુ તેમ માણાવદરના ધારાસભ્ય શ્રી જવાહર ચાવડાએ જણાવ્યું હતુ.જયારે આફત આવી ત્યારે ભેંસ, સિંહ એક ઓસરીએ રહ્યા હતા મતલબ કે જાનવરો પણ એક થયા હતા તો માણસો કયારે થશે ? તેવો સવાલ અનસન ઉપર બેસેલા ધારાસભ્ય શ્રી પરેશ ધાનાણી ઉઠાવ્યો છે.અસરગ્રસ્તોને ન્યાય અપાવા માટે અમે છેલ્લા શ્વાસ સુધી લડશું તેમ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પંકજ કાનાબારે જણાવ્યું હતુ. જયારે સાવરકુંડલાના ખાલપર, મેકડા, ફીફાદ,ઘોબા, પીપરડી, બોરાળા સહિત અનેક ગામોને અન્યાય થઈ રહ્યો છે તેમ કોંગ્રેસ આગેવાન શ્રી વલ્લભભાઈ ઝીંઝુવાડીયાએ જણાવ્યું હતુ.એક તરફથી વડાપ્રધાન નેપાળમાં જઈને સહાય કરે છે અને બીજી તરફ અમરેલીને અન્યાય થઈ રહ્યો છે તેમ પ્રદેશ મંત્રી શ્રી ઝવેરભાઈ રંઘોળીયાએ જણાવ્યું છે.લોકોને ભરમાવતી આ ભાજપ સરકારને ઓળખી લેજો તેવો અનુરોધ તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી અરવિંદ કાછડીયાએ કર્યો છે.તો અમરેલીમાં એક પોસ્ટકાર્ડ લખવાનુંવચન આપનાર પોતાના વિરા એવા નરેન્દ્રભાઈ મોદીને અસરગ્રસ્ત બહેનો પોકારી રહી છે અને તેના વિરાને અત્યારે શોધે છે તેમ જિલ્લા પંચાયત સભ્ય શ્રી પ્રદિપ કોટડીયાએ જણાવ્યું છે.અસરગ્રસ્ત એવા લીલીયા તાલુકામાં કણકોટ થી લઈ ઈંગોરાળા સુધીભાજપનો એક કાર્યકર ફરકયો નથી અને જે રાહતની કિટ આવતી હતી તે દેવામાં પણ ભેદભાવ રાખવામાં આવ્યો હોવાનો આક્ષેપ જિલ્લા પંચાયત સભ્યત શ્રી કેહુરભાઈ ભેડાએ કર્યો છે. સરકાર દ્વારા અત્યારે અપાતી દસ કરોડની સહાય થી કઈ નહી વળે તેમ શ્રી જીતુભાઈ વાળાએ જણાવ્યું છે. જિલ્લા યુવક કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રતાપ દુધાતે જણાવ્યું છે કે સંવેદના વગરની ભાજપ સરકારસામે ઝલદ આંદોલન એ જ ઉપાઈ છે. બીજી તરફ ભાવનગર,સુરેન્દ્રનગર,રાજકાટ,બોટાદ,કાલાવાડ, વિસનગર, છોટાઉદેપુરથી કોંગ્રેસની ટીમો આવીહતી અને નવી મુંમ્બઈ ગુજરાતી સમાજના આગેવાનો ૫૧ લાખ ૮૧ હજાર રોકડા લઈ આવી પહોંચ્યા છે. રોટરી કલબ, લાયન્સ કબલ, સૌરાષ્ટ્ર વિકાસ પરિષદના ડીભાઈ વિઠલાણી, ગૌ શાળા પાંજરાપોળના પ્રતિનિધિ, ગાયત્રી મોક્ષધામ કમિટી,બોટાદ જિલ્લા અને શહેર કોંગ્રેસ સમિતિ સહિત વિવિધ સંસ્થાઓ અને લોકો ઉપવાસી છાવણીને ટેકો જાહેર કરી રહ્યા છે.

## સરકાર ૩૪ ટકા પ્રિમીયમ લેવાની છે : શ્રી ઠુંમર

**શેત્રુંજીના પટમાં ૧૫ ફુટ સુધી આવેલી રેતીમાં અનેક લાશો હોવાનો પણ આરોપ**

અમરેલી,અમરેલીમાં પ્રતિક અનસન ઉપર બેસેલા પુર્વ સાંસદ શ્રી વિરજીભાઈ ઠુંમરે જણાવ્યુ હતુ કે મને મળેલી માહિતી પ્રમાણે સરકાર પાક વિમાનું પ્રિમીયમ ૩૪ ટકા કરવા જઈ રહી છે. અને ખેડૂતની સાથે સરકાર વેપારી બની તેનું લોહી ચુશવા ઉભી થઈ છે અને હાલમાં પણ શેત્રુંજીના પટમાં ૧૫-૧૫ ફુટ સુધી છવાયેલી રેતીમાં અનેક લાશો પડી છે.

**આને કહેવાય સાચા પાડોશી**

## આપતી સમયે વિસાવદરથી શ્રી રીબડીયા અને રાજકોટથી શ્રી બાવળીયાની ટીમ સૌ પહેલા અમરેલી પહોંચી ગયેલ

**પુર બાદ તુરંત જ સહાયની કિટ સાથે વિસાવદરથી, જસદણથી બન્ને આગેવાનો શ્રી ધાનાણીની મદદે દોડયા હતા**

અમરેલી,

જયારે જરૂરીયાતના સમયે કોઈ ઉભુ રહે તેને સાચા સંબંધી કહેવાય છે અને મોટા ભાગે મુશ્કેલી વખતે આપડા પાડોશી જ કામે લાગતા હોય ત્યારે અમરેલી નજીક આવેલા વિસાવદરથી ધારાસભ્ય શ્રી હર્ષદ રીબડીયા અને જસદણથી માજી સાંસદશ્રી કુવરજી બાવળીયા પોતાની ટીમ સાથે સૌ પહેલા અમરેલી ઉપર આવેલી આપતી સમયે સૌ પહેલા પહોંચેલ પુર બાદ તુરંત જ સહાયની કિટ સાથે વિસાવદરથી અને જસદણથી બન્ને આગેવાનો શ્રી ધાનાણીની મદદે દોડયા હતા અને ગામડે ગામડે લોકોને મદદરૂપ બન્યા હતા.

## વિસનગર અને મહેસાણાથી શ્રી ધાનાણીના મિત્રો ખેડુતોને બિયારણની મદદ કરશે

**શ્રી ધર્મેશ પટેલ અને શ્રી મહેશ પટેલની ટીમ દ્વારા અસરગ્રસ્તોને સહાય કરાશે**

અમરેલી, અસરગ્રસ્તોને વિસનગર અને મહેસાણાથી શ્રી પરેશ ધાનાણીના યુથ કોંગ્રેસના મિત્રો ખેડુતોને બિયારણની મદદ કરશે આજે અમરેલી આવેલા શ્રી ધર્મેશ પટેલ અને શ્રી મહેશ પટેલની ટીમ દ્વારા અસરગ્રસ્તોને સહાય કરાવાનો નિર્ણય કરાયો હતો.

## અમરેલી જિલ્લા કોંગ્રેસના પુર્વ અને વર્તમાન પ્રમુખશ્રી મેતલીયા, શ્રી કાનાબારે કલેકટરને આવેદન પત્ર આપ્યું

**ઉપવાસી છાવણીમાં આવેલા અસરગ્રસ્તોની મુલાકાત લઇ કલેકટરશ્રીને લેખિત આપતા શ્રી મેતલીયા અને શ્રી કાનાબાર**

અમરેલી,અમરેલી જિલ્લા કોંગ્રેસના પુર્વ પ્રમુખ તથા માજી ધારાસભ્ય શ્રી ઠાકરશીભાઈ મેતલીયાએ અને જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી પંકજભાઈ કાનાબારે આજે ઉપવાસી છાવણીની મુલાકાત લઈ તેમાં આવેલા અસરગ્રસ્તોની રજુઆતો સાંભળી અને શ્રી ધાનાણી અને શ્રી ઠુંમરના ઉપવાસ આંદોલનમાં રોજ એક હજાર જેટલી ફરિયાદો સહાયની માંગણીઓ અને અસરગ્રસ્તો આવે છે તેને ન્યાય આપો અને ખેડુતોનો બિયારણ અને ઘરના અનાજ સડી જતા ફેંકી દેવા પડયા છે ૫,૧૦ કે ૨૫,૫૦ કરોડની સહાયથી કશુ વળે તેમ નથી કલેકટર શ્રી છાવણીની ખુદ મુલાકાત લે અને બંને આગેવાનોએ તેમને રૂબરૂ કરી હતી.

**પુરગ્રસ્તોને સરકારે જયારે ખુબજ ઉદારતાપૂર્વક સહાય કરવાનો અભિગમ રાખ્યો છે અને વહીવટી તંત્રે રસ્તા વીજળી-પાણી-સફાઇ જેવી આવશ્યક સેવાઓને તાત્કાલિક પૂર્વવત કરવા સરાહનીય કામગીરી કરી છે ત્યારે......**

# કોંગ્રેસના આગેવાનો નાટક બંધ કરે : ડો. ભરત કાનાબાર

**૫૮૫ ગામોમાં વીજપુરવઠો ખોરવાતા ૫ દિવસમાં દ્વારા પૂર્વવત કરાયો. ૮૨ના વાવાઝોડામાં કોંગ્રેસની સરકારમાં અમરેલી ૧૦ દિવસ સુધી અને ગામડાઓ ૧ મહિના સુધી અંધકારમાં ડુબેલા તે કોંગ્રેસી મિત્રોને યાદ હશે**

**અસરગ્રસ્ત ૧.૫૭ લાખ હેકટર જમીનમાંથી ૧.૪૧ લાખ હેકટર જમીનના સર્વેનું કામ પુરૂં થયું છે પુરગ્રસ્ત ૩૧૩ ગામો પૈકી ૨૭૮ ગામોમાં ખેતીને થયેલ નુકશાનીનો સર્વે પુરો થઈ ગયો છે ૫૪૦૦૦ ખેડુતોના ફોર્મ ભરાય ગયા છે**

**અસરગ્રસ્ત ૧.૪૨ લાખમાંથી ૧.૧૧ લાખને કેશડોલ્સ પેટે ૫ કરોડ,૮૯ લાખ, ઘરવખરીના નુકશાન પેટે ૯૦૦૦ કુટુંબોને ૩કરોડ,૪૦લાખની રકમ ચુકવાય ૧ લાખ, ૪૨ હજારમાંથી ૧લાખ ૨૦હજારને સરકારે સહાય ચુકવી છે**

**અંદાજીત ૬૦૦૦ લોકોના ઘરોને નુકશાન થયું છે જે પૈકી ૧૫૦૦ લોકોને ઘરોના નુકશાન પેટે ૬.૫ કરોડ જેટલી રકમ ચુકવી દેવામાં આવી ૧.૫ લાખ કિલો ઘાસનું વિતરણ પશુસહાય આપવાનું કામ ઝડપથી ચાલી રહયું છે**

અમરેલી,

છેલ્લા ત્રણ-ચાર દિવસથી કોંગ્રેસના આગેવાનો દ્વારા અમરેલી જિલ્લાની પુરપીડીત જનતાને ખોટી રીતે ગુમરાહ કરવાના અને 'ઉપવાસના નાટક" દ્વારા ભરમાવવાના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. ખરી હકકીત તો એ છે કે જેમણે ૧૯૮૨નું વાવાઝોડું જોયું છે તેવા બધા લોકો સારી રીતે સમજે છે કે, આ વખતની હોનારત ૧૯૮૨ કરતાં પણ વધુ ગંભીર છે. શેત્રુંજી, સાંતલડી જેવી નદીઓમાં છેલ્લા ૧૦૦ વર્ષમાં ન આવ્યાં હોય તેવા પુર આવ્યા છે અને લોકોના જાનમાલને વ્યાપક નુકશાન થયું છે. જીલ્લાના ૩ શહેરી વિસ્તાર અને ૧૧૦ ગામડાંઓમાં રહેતાં અંદાજીત અઢી લાખ લોકોને પુરની અસર થઈ હતી અને આ પૈકી ૫૭ ગામો તથા ૨ શહેરી વિસ્તારમાં તો ખુબજ ગંભીર પરિસ્થિતિ ઉભી થઈ હતી. લોકોના ઘર, ઘરવખરી, દુકાનો તથા ખેતરોમાં ઉભેલા પાક, બીયારણ અને ખેતીની જમીનોને ગંભીર નુકશાન થયું હતું. પરંતુ, ગુજરાત સરકારની સતર્કતા અને વહીવટી તંત્રે યુધ્ધના ધોરણે કરેલ કામગિરીના પરિણામે બચાવ અને રાહતની કામગીરી ખુબજ ઝડપથી થઈ છે.

૧૯૮૨ના વાવાઝોડા સમયે સતત ૧૦ દિવસ સુધી અમરેલી શહેરના લોકોને લાઈટ મળી ન હતી અને ગામડાઓ તો ૧ મહિના સુધી અંધારામાં ડુબેલા રહયા હતાં, જયારે આ વખતે પુરથી જયાં વીજપુરવઠામાં ભંગાણ પડયુ હતું, તેવા ૫૮૫ ગામડાંઓ પૈકી, .નઅહી ની અદ્દ્ભુત કામગીરીને કારણે ૫ દિવસમાં તમામ ગામોને લાઈટ મળી ગઈ હતી. ગામોને જોડતાં મુખ્ય રસ્તાઓ ૪૫ જગ્યાએ ધોવાઈ ગયા હતાં. R & B દ્વારા ત્રણ દિવસમાં બધા જ રસ્તાઓનું સમારકામ થઈ ગયું હતું.

હોનારતના ૨૪ કલાકમાં જ અમરેલી આવી જઈ મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આ આફતના સમયમાં લોકોની પડખે રહી, લોકોને લાઈટ-રસ્તા-પાણી-આરોગ્ય જેવી સેવાઓ તાત્કાલિક પૂર્વવત કરવા બધું કરી છૂટવાની વહીવટીતંત્રને સુચના આપી અને લોકોને થયેલ નુકશાની પેટે ઉદારતાથી સહાય કરવાની વાત પણ કરી. પરીણામે આજે ૧,૪૨૦૦૦ પુરગ્રસ્તો પૈકી ૧,૧૧૦૦૦ લોકોને કેશડોલ્સ અને ઘરવખરી પેટે સહાય મળી ગઈ છે. ૪૭ મૃતકો પૈકી બિનવારસી ૧૫ને બાદ કરતાં, ૨ સિવાયના તમામ મૃતકોના વારસદારોને ઘેર જઈ મદદના ચેકો આપી દેવામાં આવ્યાં છે. સંભવિત મુતકોની શોધ માટે વહીવટીતંત્ર દ્વારા શેત્રુંજી નદીના સમગ્ર વિસ્તારમાં તથા શેત્રુંજી ડેમમાં પણ તરવૈયાઓ દ્વારા સઘન તપાસ કરવામાં આવી. ૧૬૧ ગામોના પીવાના પાણી પુરવઠામાં ભંગાણ પડેલ, જે પૈકી તમામ ગામોમાં પાણી પુરવઠો, ૧૦ દિવસમાં પૂર્વવત કરી દેવામાં આવ્યો છે. ૪૦૦૦ જેટલા મરેલાં ઢોરના શબોના નિકાલની કામગીરી ૧ સપ્તાહમાં પુરી કરી દેવામાં આવી હતી. ૬૧ જેટલાં વધુ અસરગ્રસ્ત ગામોમાં જેસીબી, ટ્રેકટર તથા રાજકોટ, ભાવનગર, જૂનાગઢ કોર્પોરેશનની ટીમો દ્વારા માત્ર ૬ દિવસમાં સફાઈનું કામ તથા ડી.ડી.ટી. છંટકાવનું કામ પુરૂં થઈ ગયેલ. ૧૧૦ ગામોમાં આરોગ્યની ટુંકડીઓએ પહોંચી, લોકોને તાવ, ઝાડા, ઉલ્ટી જેવા કેસોની સારવાર તથા કલોરીનની ટીકડી વિતરણનું કામ કર્યુ હતું.

સૌથી મોટું નુકશાન ખેતીને થયું છે. જયાં વાવેતર થયુ હતું ત્યાં ઉભેલ પાક તથા બિયારણ સંપૂર્ણપણે નાશ પામેલ છે. આ ઉપરાંત મોટા પાયે ખેતરની માટીનું ધોવાણ થઈ ગયેલ છે. પ્રાથમિક અંદાજો મુજબ અસરગ્રસ્ત ૧ લાખ ૫૭ હજાર હેકટર જમીન પૈકી ૩૦૫ જમીનમાં માટીનું ધોવાણ થયું છે. ખેતીવાડી ખાતા દ્વારા આ નુકશાનીના સર્વેનું કામ પુર ઝડપથી ચાલી રહયું છે. અમરેલી જીલ્લાના ૬૧૮ ગામો પૈકી અંદાજીત ૩૧૩ ગામોમાં ખેતીની જમીનને આવું નુકશાન થયું છે તે પૈકી ૨૭૮ ગામોમાં જમીનનો સર્વે પુરો થઈ ગયો છે. અસરગ્રસ્ત ૧.૫૭ લાખ હેકટર પૈકી ૧.૪૧ લાખ હેકટર જમીનનો સર્વે પુરો થઈ ગયો છે.

ખેતીની જમીન અને શહેરી વિસ્તારમાં નાના વેપારીઓને થયેલ વ્યાપક નુકશાન માટે સૌપ્રથમ મેં મુખ્યમંત્રીશ્રીને વિગતવાર પત્ર લખેલ. ત્યારબાદ, અમરેલી જિલ્લાના ભાજપના ૬૦ જેટલાં આગેવાનોને રૂબરૂ ગાંધીનગર બોલાવી, પ્રદેશ પ્રમુખ ફળદુ તથા મહામંત્રી મનસુખભાઈ માંડવીયાની ઉપસ્થિતીમાં સરકારે આ માટે બનાવેલ ૫ મીનીસ્ટરોની ટીમે તેમની રજુઆત સાંભળી હતી. ખાસ કરીને ખેતીની જમીનને થયેલ નુકશાની માટે સહાનુભૂતિપૂર્વક વિચારવાની સરકારે ખાત્રી આપી હતી.

ભાજપના પ્રદેશ પ્રમુખ ફળદુ , મહામંત્રી મનસુખભાઈ માંડવીયા, કેબીનેટ મંત્રી વિજયભાઈ રૂપાણી, જયંતિભાઈ કવાડીયા, સાંસદ નારણભાઈ કાછડીયા, દિલીપભાઈ સંઘાણી, ધારાસભ્યો વી. વી. વઘાસીયા, બાવકુભાઈ ઉંધાડ, નલીનભાઈ કોટડીયા, હીરાભાઈ સોલંકી, શરદભાઈ લાખાણી, અશ્વિનભાઈ સાવલીયા શ્રી મનસુખભાઈ ભુવા,શ્રી વાલજીભાઈ ખોખરીયા લોકો વચ્ચે રહયા હતાં. ભાજપના નાનામાં નાના કાર્યકરે ફીલ્ડમાં રહી લોકોને સધિયારો આપ્યો હતો. ભાજપના કાર્યકરોની ટીમે બગસરા શહેરમાં જાતે ગંદકી સાફ કરવાનું કામ પણ કર્યુ હતું. RSSના સ્વયંસેવકોએ ૧૦૦ જેટલાં ગામોમાં જઈ રાહત સામગ્રીનું વિતરણ કર્યુ હતું અને પ્રાથમિક સ્કૂલો, દવાખાનાઓની સફાઈ કરવાનું કામ કર્યુ હતું. સમગ્ર ગુજરાતની અનેક સેવાભાવી સામાજીક સંસ્થાઓએ રાહત સામગ્રીનો ધોધ વહાવ્યો હતો.

આવા સમયે કોંગ્રેસના પ્રદેશના આગેવાનો જાણે અસરગ્રસ્તોની મશ્કરી કરતાં હોય તેમ, ખુલ્લી જીપમાં "ચુંટણીના રોડ શો" જેમ પ્રવાસ કર્યો હતો. હવે, કોંગ્રેસી મિત્રોને વિનંતી કે, વધુ "પબ્લીસીટી સ્ટંટ" ન કરે અને માત્ર સસ્તી લોકપ્રિયતા માટે, રાજકીય રોટલાં શેકવા, ઉપવાસ પર બેઠેલ કોંગ્રેસી મિત્રો લોકોને ભરમાવવાનું બંધ કરશે તો પણ લોકોને સાચા અર્થમાં મદદ કરી ગણાશે.



## ગુજરાત સરકારની ત્વરીત કામગીરીથી જનજીવન રાબેતા મુજબ થયુ : શૈલેષ પરમાર

અમરેલી જીલ્લામાં જે રીતે કુદરતી જળ હોનારતની પરિસ્થિતી સર્જાણી હતી તેમાં પરિસ્થિતીને પહોંચી વળવા ગુજરાતના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારમાં લાઈટ, રસ્તા, આરોગ્ય, સફાઈ, મૃત પશુઓનો નિકાલ, ઘાસચારો, જમીન ધોવાણનો સર્વે સહિત ત્વરીત ઝડપી કામગીરી ડીઝાસ્ટર મેનેજમેન્ટના માધ્યમથી થતા અસરગ્રસ્ત તમામ ગામોનું જન જીવન રાબેતા મુજબ થતુ જાય છે. તેમજ પુર પરિસ્થિતીના ચાર દિવસમાં કેશ ડોલ્સ ચુકવણી, મૃતકોના પરિવારને ૪ લાખના ચેક અર્પણ કરાયા છે. સરકાર તરફથી જે કામગીરી થઈ છે અને હજુ સર્વેની કામગીરી ચાલુ છે તેમાં આગામી દિવસોમાં લોકોને હજુ પણ યોગ્ય સહાય મળી રહે તેવા પ્રયાસો હાથ ધરવામાં આવી રહયા છે તેમ છતા ભાજપની સરસ કામગીરી કરી રહયા છે છતા પણ કોંગ્રેસને સરકારનો વિરોધ જ કરવાનો હોય તેથી પ્રજાને ગેરમાર્ગે દોરી રહયા છે. તેમ મિડીયા સેલના શૈલેષ પરમારની યાદીમાં જણાવાયુ છે.




### અમરેલી પાલિકા પાસેથી ભાડા પટ્ટે આપેલ જમીન પરત મેળવવાના કાનુની જંગમાં

# અમરેલી શોપીંગ સેન્ટરના મામલે શહેરી વિકાસ સચિવને નોટીસ

**અમરેલીની ઇન્દીરા શોપીંગ સેન્ટરની જમીનના મામલે મુળ માલિકના વારસદાર દ્વારા આગળ વધતી કાનુની પ્રક્રિયા : હાઇકોર્ટે શહેરી વિકાસ સચિવને હાજર થવાની નોટીસ આપી : ૯૦ વર્ષ પહેલા ભાડે અપાયેલ કિંમતી જમીન પરત મેળવવા માટે વારસદારે હાઇકોર્ટમાં ન્યાય માંગ્યો**

અમરેલી ઈન્દીરા શોપીગ સેન્ટરની મીલ્કત મુળમાલીકને પરત કરવાની હતી પણ કોઈ ધ્યાન અપાયુ નહી

જમીનના મુળ માલીકે હાઈકોર્ટમાં દાદ માંગતા પાલીકા અને શહેરી વિકાસ સચિવને નોટીસ પાઠવી હાજર થવા હુકમ

અમરેલી,

અમરેલી શહેરની મધ્યમાં આવેલ મુળ પોલીસ હેડકવાર્ટર બનાવવા માટે ગાયકવાડ સરકારશ્રીવખતે અમરેલીના રહીશ ગોરા ડોસા પાસેથી ગાયકવાડ સરકારે વિનંતી કરતા તેમની માલીકીની જમીન જે આજે ઈન્દિરા શોપીંગ સેન્ટર તરીકે ઓળખાય છે અને જેમાં શાકમાર્કેટ આવેલ છે તે જમીન મુળ માલીકને એટલે કે ગોરા ડોસાના વારસદાર વલી સુલેમાન મેતરને ૨૦૧૧માં પરત કરવાની હતી પરંતુ નગરપાલિકા તેમજ સરકાર દ્વારા કોઈ ધ્યાન આપવામાં આવેલ નહી જેથી જમીનના મુળ માલીકે હાઈકોર્ટમાં દાદ માંગેલ છે તેમાં નગરપાલિકા અને શહેરી વિકાસ સચિવને તાત્કાલીક નોટીસ કાઢી હાજર થવા હુકમ કરવામાં આવ્યો.

આ પ્રકરણની હકીકત એવા પ્રકારની છે કે, સને.૧૯૧૫ના અરસામાં ગાયકવાડ સરકારે ઘાંચી ગોરા ડોસાની માલીકીની જમીનમાં પોલીસ હેડકવાર્ટર બનાવવા માટે આજે અમરેલી શહેરની મધ્યમાં આવેલ ખુબ કિંમત જમીન ૯૦ વર્ષ માટે કોઈ ભાડાની શરત વગર અને ફકત અમરેલી શહેરમાં બહારવાટીયાઓનો અવારનવાર હુમલાઓ થતા હોવાથી ગ્રામજનોની સુરક્ષાના હેતુથી મુળ માલીકે ગાયકવાડ સરકારની વિનંતીને કોઈ આનાકાની કર્યા વગર સ્વીકારી લીધેલ. પરંતુ આ દરેક કરારોમાં આ જમીન મુળ માલીકના દિકરા સુલેમાનભાઈ અથવા તેમન વારસદારને જે સ્થિતિમાં હોઈ તે સ્થિતિમાં સને.૨૦૧૧ બાદ પરત કરી આપવાની શરતે તેમજ આ જમીન ઉપર સરકાર દ્વારા મુદત પુરી થાય તે સમય દરમ્યાનકોઈ સંપાદન કરી શકશે નહી તેમજ મુદત પુરી થયેથી જો આ જમીન પરત કરવા તે વખતની સરકાર સક્ષમ ન હોઈ તો આટલી જ બજાર કીંમતીવાળી જમીન અન્ય કોઈ જગ્યાએ આપવાની રહેશે તેવી સ્પષ્ટ લેખિત શરતોને આધીન કબ્જા કરાર પણ કરી આપવામાં આવેલ. આ જગ્યા ઉપર નગરપાલિકા દ્વારા કર વેરો પણ ૨૦૧૧ની સાલ સુધી માફી આપવામાં આવેલ. સને.૧૯૪૭ના આઝાદીના સમય દરમ્યાન ભારત સરકાર રચાતા ગાયકવાડ સરકાર તથા ભારત સરકાર વતી સરદાર વલ્લભભાઈ પટેલે સંયુકત સોગંદનામુ મુળ જમીન માલીકને કરી આપેલ અને તે મુજબ જમીનના માલીકને અથવા વારસદારોને આ જગ્યા પરત કરી આપવાની ખાત્રી આપવામાં આવેલ.આ બાબતે ગુજરાત રાજયની સ્થાપના થવાથી પ્રથમ મુખ્યમંત્રી શ્રી જીવરાજભાઈ મહેતા દ્વારા પણ ગુજરાત સરકાર રચાતા સોગંદનામુ કરીને આ બાબતેની ખાત્રી આપવામાં આવેલ છે. આ દરેક કરારોની નોંધ મિલ્કતની સનંદમાં મોજુદ છે.

સને.૧૯૭૨માં પોલીસ હેડકવાર્ટરની અન્ય જગ્યા ફાળવીને ત્યાં તબદીલ કરવામાં આવેલ. જેથી અમરેલી નગરપાલિકા દ્વારા આ જગ્યા ઉપર કોર્મશીયલ સેન્ટર બનાવીને નગરપાલિકાને આવક થાય તે હેતુથી દુકાનો ભાડે આપવાનું નકકી કરવામાં આવેલ. તેનાથી નારાજ થઈને આ જમીનના માલીક દ્વારા તે સામે સખત વાંધો ઉઠાવવામાં આવેલ અને અંતે ગુજરાત હાઈકોર્ટમાં તે સામે દાદ માંગેલ જેમાં હાઈકોર્ટ દ્વારા સ્પષ્ટ હુકમ કરીને આ જગ્યા સને.૨૦૧૧ બાદ મુળ માલીકના વારસદાર વલીભાઈ સુલેમાનભાઈ મેતરને પરત કરવાનો હુકમ કરેલ છે. હાઈકોર્ટ દ્વારા અગાઉના દરેક કરારો તેમજ સીવીલ કોર્ટે આ બાબતેના હુકમનામા ફરમાવેલ છે તે ધ્યાને લઈને હુકમ કરેલ હોવા છતા તેનું પાલન કરાતુ ન હાઈ ફરીથી જમીનના માલીકે તેમના એડવોકેટ સેજપાલ એસોસીએટસ મારફતે હાઈકોર્ટમાં અરજ કરાવી પડેલ છે. જેમાં હાઈકોર્ટ સરકાર, અમરેલી નગરપાલિકા તેમજ શહેરી વિકાસ સચિવને નોટીસ પાઠવીને જવાબ આપવા હુકમ કરેલ છે.

### અમરેલીની ઝુપડપટ્ટીમાં બનેલો બનાવ

# અમરેલીમાં નણંદીયો છરી મારી દેશે તેવા ડરથી કંટાળી પરિણિતાએ અગ્નિસ્નાન કર્યુ

**કેરોસીન છાંટી સળગી જતા સારવારમાં મોત થયું : પોલીસે પરિણિતાના નણંદોયા સામે ગુનો દાખલ કર્યો**

અમરેલી,

અમરેલી સિવિલ હોસ્પીટલ સામે ઝુપડપટ્ટીમાં રહેતા દેવીપુજક પરિણીતાએ નંદણીયોના ડરથી સળગી જતા તેનું સારવારમાં મોત થયું હતું.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર અમરેલી સિવિલ હોસ્પીટલ સામે ઝુપડપટ્ટીમાં રહેતા કંચનબેન મુકેશભાઈ વણોદીયા ઉ.વ.૨૭ ને નણંદીયા શક્તિ ભુપતભાઈએ અગાઉ છરી મારેલ જેનો કેસ ચાલતો હોય જેના સમાધાન કરવા હેરાન પરેશાન છરી મારી દેવાની ધમકી આપતા કંચનબેનને ડર લાગતા જાતે જ ગત તા. ૫ ના રોજ શરીરે કેરોસીન છાંટી સળગી જતા તેનું મોત થતા મૃતકની માતા લક્ષ્મીબેન નાનુભાઈ તલસાણીયા રે. જુનાગઢવાળાએ અમરેલી સીટી પોલીસ મથકમાં શક્તિ ભુપત દેવીપુજક સામે ફરિયાદ નોંધાવેલ છે.

# અમરેલીના મુસ્લિમ શખ્સને માર્ગમાં આંતરી પાઇપ વડે હુમલો કર્યો

### ભેંસો ખરીદવા બાબતનું મનદુઃખ રાખી નવ શખ્સોએ હુમલો કર્યો

અમરેલી,

અમરેલી ડુબાણીયાપા વિસ્તારમાં રહેતા ખાટકી યુવાનની બોલેરો ગાડીને માર્ગમાં આંતરી નવ શખ્સોએ ધોકા પાઈપ વડે હુમલો કર્યાની ફરિયાદ નોંધાઈ છે. આ બનાવી વિગત અનુસાર અમરેલી ડુબાણીયાપામાં રહેતા અખ્તર હુશેનભાઈ ભાડોલા પોતાના સાળા અને મિત્ર સાથે બોલોરે ગાડી નં. જી.જે. ૩ એ.ઝેડ. ૮૮૧૨ માં ગુંદરણ ગામે રોઝા છોડવા જતા હતા ત્યારે ધુધા નજુ, ભાણ, રામ બાવા સહિત છ અજાણ્યા શખ્સોએ ટ્રેકટર આડુ નાખી ગાડીને થંભાવી તમે કેમ ભેંસો લઈ જાવ છો તેમ કહી ધોકા પાઈપ વડે માર મારી બોલેરો ગાડીને નુકશાન કર્યાની ફરિયાદ અમરેલી તાલુકાપોલીસ મથકમાં નોંધાવેલ છે.

# બગસરાના જુના વાઘણિયામાં શેઢાપ્રશ્ને બાપુએ તલવાર મારી

### ખેતરના શેઢાનો પાળો કરવા પ્રશ્ને માથાકુટ થતા હુમલો કર્યો

અમરેલી,

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ પુર ઓસરતા હવે સીમ ખેતરોમાં પાળા કરવા પ્રશ્ને મારામારીના બનાવોમાં વધારો નોંધાયો છે. બગસરાના જુના વાઘણીયામાં ખેતરનો પાળો કરવા પ્રશ્ને શેઢા પાડોસી વચ્ચે મારામારીનો બનાવ નોંધાયો છે. આ બનાવની વિગત અનુસાર બગસરાના જુના વાઘણીયામાં રહેતા રોહિતભાઈ ચતુરભાઈ પટેલ પોતાના ખેતરના શેઢે પાળો કરતા હતા ત્યારે શેઢા પાડોસી રાવતભાઈ માણસીયાએ પાળો કરવાની ના પાડી બોલાચાલી કરી રાવતભાઈ, ધર્મેશભાઈ, રાવતભાઈના પુત્રએ તલવાર વડે હુમલો કરી ઈજા પહોંચાડયાની ફરિયાદ બગસરા પોલીસ મથકમાં નોંધાવેલ છે.

### અમરેલી જિલ્લામાં પાંચ શરાબીઓ ઝડપાયા

અમરેલી,અમરેલી જિલ્લામાં ૨૪ કલાકમાં નશો કરેલી હાલતમાં નીકળેલા રમેશ બચુ ખારવા રે. જાફરાબાદ, કીશન કનુ ડાભી રે. કેરાળા, અલ્તાફ દિલાવર રે. બાબરા, ભીખા નારણ શિયાળ, નનકુ નાનજી ઉનાળા રે. સાવરકુંડલાને ઝડપી લઈ ગુનો નોંધેલ છે.

# સાવરકુંડલાના નેસડી પાસે જાહેરમાં જુગાર રમતા પાંચ શકુનીઓ ઝડપાયા

### એલસીબી પોલીસે ઝડપી લઇ ગુનો નોંધાવ્યો : રોકડ જપ્ત

અમરેલી, અમરેલી લોકલ ક્રાઈમ બ્રાંચે પેટ્રોલીંગ દરમિયાન નેસડી રોડ ઉપર તીનપતીનો જુગાર રમતા પાંચ શખ્સોને ઝડપી લઈ ગુનો નોંધેલ છે. આ બનાવની વિગત અનુસાર સાવરકુંડલાના નેસડી રોડ ઉપર જાહેરમાં જુગાર રમતા જગદીશ ધીરૂ રે. ઓળીયા, સંજય મનુ રે. જુના સાવર, કાળુ કનુ ગોહિલ રે. કાનાતળાવ, રાજ ભીખા રે.નેસડી, હરેશ ધનજી કોળી રે. જુના સાવરને રોકડ રૂા. ૩૨૭૦ સાથે એલસીબીના અરવિંદભાઈ કવાડીયાએ ઝડપી લઈ સાવરકુંડલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવેલ છે.

### સાવરકુંડલામાં રત્ન કલાકાર યુવાને મંદીથી કંટાળી જઇ જીવતર ટુંકાવ્યું

અમરેલી,

સાવરકુંડલામાં રહેતા રત્ન કલાકાર યુવાને હીરાના ધંધામાં મંદીના કારણે ઝેરી દવા પી જઈ આપઘાત કર્યાનો બનવા પોલીસ દફતરે જાહેર થયેલ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર સાવરકુંડલા ગાયત્રી સોસાયટીમાં રહેતા નજુભાઈ ભાણભાઈ સાડસુર (ઉ.વ.૨૮) ને હીરામાં મંદીને કારણે કામ નહિ થતા કંટાળી જઈ ઝેરી દવા પી જતા તેનું મોત થયાનું પોલીસમાં વનરાજભાઈ ભાણભાઈએ જાહેર કરેલ છે. બનાવની તપાસ હે.કોન્સ.બી.જી. સોંદરવા તપાસ ચલાવી રહ્યા છે.

# ચલાલાના ધર્મપ્રેમીશ્રી જયાબેન પલાણનું નિધન : આજે સાદડી

મુળ ચલાલાના અને ભાવનગર નિવાસી ધર્મપ્રેમીશ્રી જયાબેન કાન્તીલાલ પલાણનું ભાવનગર ખાતે તા. ૬/૭ ના અવસાન થતા પલાણ અને કારીયા કુટુંબ સહિત તમામ સગા સબંધીમાં ભારે શોક વ્યાપેલ છે.



સદગત જયાબેન પલાણની પિયર પક્ષની સાદડી આજરોજ તા. ૧૧/૭ શનિવાર સાંજના ૪ થી ૫ ચલાલા લોહાણા મહાજનવાડીમાં રાખવામાં આવેલ છે. સદગત જયાબેન પલાણ ખુબ જ ધર્મપ્રેમી, મિલનસાર અને લાગણીશીલ સ્વભાવના હતા તેઓ ચલાલા ગૌશાળાના કાયમી દાતા મેમ્બર હશતા. તેઓ પક્ષીઓને ચણ અને ભુખ્યાને ભરપેટ ભોજન કરાવતા હતા તેઓ યમનાષ્ટકના પાઠ અને સત્સંગના અગ્રહી હતા. તેઓ ગરીબો લોકોને ખુબ જ આદરભાવ કરતા હતા તેઓના નિધન થી ચલાલા માં ઘરેશોક વ્યાપેલ છે. સ્વ.જયાબેન પલાણ તે સ્વ. પ્રભુદાસભાઈ કારીયા, વનમાળીદાસભાઈ કારીયા, સ્વ. વ્રજલાલભાઈ કારીયા, સ્વ. અશોકભાઈ કારીયા, અને હંસાબેનના બહેન થતા હતા અને પ્રેસ પ્રતિનિધિશ્રી પ્રકાશભાઈ કારીયાના મોટા ફૈબા થતા હતા.

### ચોરીના પાંચ આરોપી મુદ્દામાલ સાથે ઝડપાયા

ભાવનગર,લોકલ ક્રાઈમ બ્રાંચેં ભીખુશા સતારશા શેખ, રહીમશા સતારશા શેખ, ફિરોજશા મહેબુબશા રફાઈ, ફિરોજશા કાશમશા શેખ રે. ત્રાપજ, ઐપુબશા કાબુશા મોગલ રે. તરેડ તા, મહુવાવાળાને સોનાના દાગીનારૂા. ૩,૩૮,૯૧૭સાથેઝડપી પુછપરછ કરતા એકમહિના પહેલા તરેડ ગામેથી થયેલ ચોરીનો હોવાનું કબુલાત કરેલછે.

# મોટા ભંડારીયામાં અસરગ્રસ્તોના નામે થયેલ પાયા વિહોણી રજૂઆતોની સામે પગલા લેવા

### ગ્રા.પં.ના મહિલા સેરપંચ ઉર્મિલાબેન કસવાળા દ્વારા જિલ્લા કલેકટરશ્રીને પત્ર પાઠવી રજુઆત

મોટા ભંડારીયા,મોટા ભંડારીયામાં અસરગ્રસ્તોને સરકારશ્રીએ તાત્કાલીક ધોરણે કેશડોલ્સની જાહેરાત કરેલી અને ગ્રા.પં. દ્વારા જરૂરીયાતમંદ લોકોનો ન્યાયીક ધોરણે સર્વે કરેલ. પરંતુ અમારી ગ્રા.પં.ની બોડી સામે ગામના ચારથી પાંચેક વિદન સંતોષી તત્વો દ્વારા સર્વેમાં વહાલા - દવલાની નિતી લાગતા વળતા લોકોના નામો રાખી ૧૦૦ જેટલા કુટુંબો સાથે અન્યાય કર્યાનું તદન પાયા વિહોણી રજુઆત આપની સમક્ષ તા. ૮/૭ ના કરવામાં આવેલ. લોકોની સાચી રીતે સહીજ લીધી નથી. પરંતુ ખોટુ બોલી સહી લીધી છે. અને છેલ્લા ત્રણ ટર્મથી સમરસ થતી આ મહિલા શાષીત ગ્રા.પં. ને બદનામ કરવા કારી કારગત નીવડતી નથી. ખેતીવાડી ધોવાણ અંગેના ફોર્મમાં સરપંચ સહિ કરવાના પાડે છે. તેવી રજુઆત થયેલ પરંતુ આવી કોઈ બાબત બનીજ નથી. પણ દરેક વ્યક્તિને સહાય મળે તે માટે રાત દિવસ ભેગા કરી રૂબરૂ પણ મળી તમામ સાચો સર્વે કરી ઘટતી કાર્યવાહી વ્યવસ્થા કરી છે. તેમ ગ્રા.પં.ના સરપંચ ઉર્મિલાબેન જયસુખભાઈ કસવાલાએ કલેકટરશ્રીને લેખિત રજુઆત કરેલ છે.

# જાફરાબાદમાં જુના મનદુઃખ પ્રશ્ને છુટા પથ્થરના ઘા માર્યા

### ગામના જ શખ્સ સામે પોલીસ ફરિયાદ

અમરેલી,

જાફરાબાદમાં જુના મનઃદુખ પ્રશ્ને યુવાનને છુટા પથ્થરના ઘા મારી ઈજા પહોંચ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર જાફરાબાદના વાંઢ ગામે રહેતા બધાભાઈ બાબુભાઈ વાઘેલાની સાથે અગાઉ ગામના ખોડુ રામ બાંભણીયાને બોલાચાલી થયેલ જેનું મનદુઃખ રાખી ખોડુ બાંભણીયાએ છુટા પથ્થર વડે માર મારી ઈજા પહોંચાડયાની ફરિયાદ જાફરાબાદ પોલીસ મથકમાં નોંધાવતા એએસઆઈ એસ.ડી.બારૈયા તપાસ ચલાવી રહ્યા છે.

# સુરતમાં અમરેલીના જિલ્લા લોકોએ શોકસભા યોજી મૃતકોને શ્રધ્ધાંજલી આપી

સુરત, આજે સુરતમાં અમરેલી જિલ્લાના તમામ સમાજના લોકોએ એકત્ર થઈ અને અમરેલી જિલ્લાના પુરમાં માર્યા ગયેલા લોકોને રાત્રે શોકસભામાં શ્રધ્ધાંજલી આપી હતી.

### બે દિવસ પહેલા જ ઘરવખરીની રાહત ન પહોંચી હોવાની ફરિયાદ સાથે તાલુકા પંચાયતે થયેલી બઘડાટી બાદ શુક્રવારે ફરી

# કુંકાવાવમાં કેશડોલ્સ પ્રશ્ને ફરી બઘડાટી : પોલીસ દોડી

**કુંકાવાવના મોદી પ્લોટ, પાંચ પીપળવા પ્લોટ, રણછોડનગર, રામદાસપરા વિસ્તારમાં તંત્ર દ્વારા અસરગ્રસ્તોને કેશડોલ્સની બિલકુલ ચુકવણી જ ન કરાયાનો આક્ષેપ**

**તાલુકા પંચાયત કચેરીને એક હજાર લોકોએ ઘેરાવ કર્યો : પોલીસ બોલાવવામાં આવી : કેશડોલ્સ ચુકવવાની ખાત્રી બાદ મામલો થાળે પડયો : ઢીલી કામગીરી**

કુંકાવાવ,(ભીખાભાઈ કાલેણા) બે દિવસ પહેલા જ ઘરવખરીની રાહત ન પહોંચી હોવાની ફરિયાદ સાથે તાલુકા પંચાયતએ થયેલી બઘડાટી બાદ શુક્રવારે ફરી કુંકાવાવમાં કેશડોલ્સ પ્રશ્ને ફરી બઘડાટી બોલતા પોલીસ દોડી હતી અને મામલો થાળે પાડયોહતો. કુંકાવાવના મોદી પ્લોટ, પાંચ પીપળવા પ્લોટ, રણછોડનગર, રામદાસપરા વિસ્તારમાં તંત્ર દ્વારા અસરગ્રસ્તોને કેશડોલ્સની બિલકુલ ચુકવણી જ ન કરાયાના આક્ષેપ સાથે તાલુકા પંચાયત કચેરીને એક હજાર લોકોએ ઘેરાવ કર્યો હતો અને પોલીસ બોલાવવામાં આવી હતી તથા કેશડોલ્સ ચુકવવાની ખાત્રી બાદ મામલો થાળે પડયો હતો. તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં સૌથી વધારે ઢીલી કામગીરી કુંકાવાવમાં હોવાનું લોકો જણાવી રહ્યા છે.





### જિલ્લામાં ક્રાઇમનાં ગુનાઓની કાયદાકીય પ્રક્રિયામાં નિપૂણ એવા ધારાશાસ્ત્રીશ્રી રાવળની વિદાય

# અમરેલીનાં ખ્યાતનામ ધારાશાસ્ત્રી શ્રી રાવળનું નિધન

**ફોજદારી અને દિવાની કેસોમાં નિષ્ણાંત શ્રી રાવળની વિદાયથી એક યુગ આથમ્યો**

**વકિલાત ઉપરાંત અનેકવિધ સામાજિક ક્ષેત્રોમાં તેઓનું મહત્વનું યોગદાન અમર બની રહેશે**

**ખૂન જેવા મોટા ગુનાઓમાં પણ વકિલો શ્રી જયંતિભાઇ રાવળનું માર્ગદર્શન મેળવતા હતા**

**સ્વ. રાવળની અંતિમયાત્રામાં અનેકવિધ સંસ્થાનાં આગેવાનો અને વકિલો બહોળી સંખ્યામાં જોડાયા**







અમરેલી, અમરેલી જિલ્લાનાં ખ્યાતનામ આદરણીય વકિલ શ્રી જયંતિભાઈ જી. રાવળનું નિધન થતા જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજ અને વકિલ મંડળમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.અમરેલી જિલ્લામાં કાનૂની માર્ગદર્શન અને વકિલાત ક્ષેત્રે ભારે નિપૂણતા હાંસલ કરનાર હસમુખા અને નમ્ર સ્વભાવનાં વિનય, વિવેકી ધારાશાસ્ત્રી શ્રી જયંતિભાઈ રાવળનું નિધન થતા અમરેલી જિલ્લા વકિલ મંડળને કદી પુરી ન શકાય તેવી ખોટ પડી છે.જિલ્લામાં ક્રાઈમનાં ગુનાઓ જેવા કે ખૂન, લૂંટ અને સંગીન ગુનાઓમાં છૂટકારો મેળવવા વકિલ જયંતિભાઈ રાવળનું માર્ગદર્શન અને તેઓને કેસ લડવા અસીલો આગ્રહ રાખતા રાખતા હતા. અનેક ખૂનનાં ગુનાઓમાં આરોપીઓને નિર્દોષ છોડાવવા જયંતિભાઈ રાવળની કાનૂની દલિલો ગ્રાહ્ય રહેતી હતી. છેલ્લા ઘણા મહિનાઓથી શારીરિક રીતે અશકત બનેલા જયંતિભાઈ રાવળનું નિધન થતા બ્રહ્મસમાજ અને જિલ્લા વકિલ મંડળમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.જયંતિભાઈ રાવળ અમરેલી કોર્ટમાં સ્ટેનોગ્રાફર તરીકે ૧૭ વર્ષ સુધી સેવા આપ્યા બાદ એલએલબી કરી વકિલાત શરૂ કરેલ ઉપરાંત અમરેલી ગિરધરભાઈ સંગ્રહાલયનાં માર્ગદર્શક સાથે તેઓ સંગીતમાં પણ ભારે રૂચિ ધરાવતા હતા. અનેકવિધ સંસ્થાઓમાં પોતાનું સેવાકીય યોગદાન આપ્યું છે જે હંમેશા અસ્મરણીય રહેશે. ધારાશાસ્ત્રીશ્રી જયંતિભાઈ રાવળની અંતિમયાત્રામાં જિલ્લા બ્રહ્મસમાજનાં શ્રી ડી.જી.મહેતા, શ્રી એમ.જી.જોષી, શ્રી અશ્વિનભાઈ ત્રિવેદી, શ્રી પરેશભાઈ આચાર્ય, ધારાશાસ્ત્રી શ્રી જસવંતભાઈ કાનાબાર, શ્રી મગનભાઈ સોલંકી, શ્રી મનોજભાઈ ગોસાઈ, શ્રી બકુલભાઈ પંડયા, શ્રી બિહારીભાઈ ગાંધી, શ્રી ધીરૂભાઈ બગથલીયા, શ્રી દડુભાઈ ખાચર, શ્રી સંજયભાઈ મહેતા, શ્રી પ્રદિપભાઈ મહેતા, શ્રી પિયુષભાઈ શુકલ, શ્રી ગીરીશભાઈ દવે, શ્રી અશ્વિનભાઈ ગોહિલ, શ્રી દિનેશભાઈ વિઠ્ઠલાણી, શ્રી દિનેશભાઈ બાંભરોલિયા, આહિર સમાજનાં શ્રી જીતુભાઈ ડેર, શ્રી નિલેશભાઈ પાઠક, શ્રી સુરેશભાઈ શેખવા, શ્રી નિલેશભાઈ જાની, શ્રી રોહિતભાઈ મહેતા તથા અમરેલી વકિલ મંડળનાં તમામ ધારાશાસ્ત્રીઓ વિવિધ સંસ્થાઓનાં આગેવાનો બ્રહ્મસમાજનાં આગેવાનો યુવાનો બહોળી સંખ્યામાં જોડાયા હતા.

# અમરેલી સમર્પણ યુથ ફાઉન્ડેશન દ્વારા ધર્મયાત્રા



પવિત્ર પુરુષોતમ માસ નિમિતે સમર્પણ યુથ ફાઉન્ડેશન દ્વારા મહિલાઓ માટે ધાર્મિક સ્થળોનો પ્રવાસ યોજાતા બાબરાનાં નિલવડા મેલડી માતાના મંદિર, તાપડિયા આશ્રમ, ભીમનાથ મહાદેવ મંદિર, જલારામ મંદિર સહિતનાં સ્થળોનો ૩૫૦ ઉપરાંતની બહેનોએ ધર્મલાભ લીધો હતો. તે પ્રસંગે અલ્કાબેન દેસાઈ, જયાબેન ગેલાણી, મધુબેન ગેલાણી, નિકિતા મહેતા, ટવીંકલ દેસાઈ, હર્ષાબેન રાજપોપટ, જાગૃતીબેન અને અમરેલી, બાબરા, લુણકીની મહિલાઓ તસવીરમાં નજરે પડે છે.

### સ્વ.જયંતિભાઇ રાવળનાં પરિવાર દ્વારા નવો જ અભિગમ

# ધારાશાસ્ત્રી સ્વ. જયંતિભાઇ જે સંસ્થાઓ સાથે સંકળાયેલા હતા તે સંસ્થાઓને દાન અપાશે

**ઉત્તરક્રિયા નિમિતે પાંચ સંસ્થાઓને રૂા.૨૫-૨૫હજાર આપવા પરિવારનો નિર્ણય**

અમરેલી,

અમરેલીનાં જાણીતા ધારાશાસ્ત્રીસ્વ.શ્રી જયંતિભાઈનાં નિધન બાદ તેમનાં પરિવાર દ્વારા પાંચ સંસ્થાઓને સહાય આપવાનો નવો જ અભિગમ અન્ય સમાજ માટે પ્રેરણારૂપ બનશે. અમરેલીનાં જાણીતા ધારાશાસ્ત્રી શ્રી જયંતિભાઈ રાવળ વકિલાત સાથે અન્ય સંસ્થાઓ સાથે પણ સંકળાયેલા હતા.

સ્વ.જયંતિભાઈ રાવળની ઉત્તરક્રિયા નિમિતે બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર, સમસ્ત બ્રહ્મસમાજ, ઔદિચ્ય ઝાલાવાડી સાડાચારસો જ્ઞાતિ, બાલભવન અમરેલી, બાર.એશો.અમરેલીને તમામને રૂા.૨૫ હજાર મળી કુલ રૂા.૧,૨૫હજાર આપવા તેમનાં પુત્ર આશીષભાઈ રાવળ દ્વારા નિર્ણય જાહેર કરાતા આ અભિગમ અન્ય સમાજ માટે પણ નવો રાહ ચિંધશે.

### અતિવૃષ્ટિને કારણે વ્યાપક નુકશાન થયું છે ત્યારે

# અતિવૃષ્ટિગ્રસ્ત ખેડૂતોને ધિરાણ, વ્યાજ સહાય આપો : શ્રી ઠુંમર



**કૃષિ ગ્રામીણ વિકાસ બેન્કનાં ચેરમેન ધિરેનભાઇ ચૌધરીને રજુઆત કરતા વિરજીભાઇ ઠુંમર : વ્યાજમાફી, મકાન, લોન ધિરાણ આપવા બેન્કોને કેટલાક સુચનો કર્યા**

અમરેલી,અતિવૃષ્ટિગ્રસ્ત ગામોનાં ખેડૂત ખાતેદારોને બેન્ક તરફથી ધીરાણ સવલત, વ્યાજ સહાય આપવા કૃષિ અને ગ્રામીણ વિકાસ બેન્કનાં ચેરમેન ધિરેનભાઈ ચૌધરીને પત્ર પાઠવી ડાયરેકટર વિરજીભાઈ ઠુંમરે રજુઆત કરી છે અને જણાવ્યું છે કે અમરેલી ધારી વડિયા, બગસરા, કુંડલા લીલિયા તાલુકાનાં નદી કાંઠા વિસ્તારનાં ડેમ હેઠળનાં ગામોમાં ખેતીને પારાવાર નુકસાન થયું છે. માલઢોર, ઘરવખરીને પણ કલ્પના બહારનું નુકસાન થયું છે તેથી ખેડૂત ખાતેદારોને આર્થિક સહાય યોજના તૈયાર કરી તાત્કાલિક અમલમાં મુકવી જોઈએ. કૃષિ વિષયક જેવા ફાર્મ હાઉસ, ગોડાઉન, કેટલ શેડ, દૂધાળા પશુ ધિરાણ ચાલુ વસુલાત તેમા ધિરવા ઉપર વ્યાજદરમાં ખાસ રાહત આપવા અને જિલ્લા લોન કમીટીની બહાલનીની અપેક્ષાએ તુર્ત જ મંજૂર કરવા જિલ્લા મેનેજરને અધિકૃત કરવામાં આવે અને ચાલુ લોન ખાતેદારોને લોનનાં ચાલુ કે ચડત હપ્તા ભરવામાં વ્યાજની ખમત કે રાહત અપાવવા અને ખેતીની જમીનનું ધોવાણ થયું છે તેને સુધારા લોન આપવા સહિતની માંગણી કરી છે.અમરેલી જિલ્લા બેન્ક તથા અન્ય સહિત બિનસહકારી સંસ્થાઓ તરફથી પણ ધીરાણ માફી, વ્યાજમાફી, મૃતકોને ચેક વિતરણ રાજકોટ, ગોંડલ તાલુકામાં જાહેરાત કરી છે આમ અનેક પ્રકારે આર્થિક સહાય ચાલુ કરવામાં આવી છે. તેથી આપણી બેન્કનો ફાળો પણ ગણનાપાત્ર રહે તે માટે યોગ્ય કરવા શ્રી વિરજીભાઈ ઠુંમરે જણાવ્યું છે.

## મા.અને ઉ.મા.નાં ૯૮ પછીના શિક્ષકોને કાયમી રક્ષણ માટે શિક્ષણમંત્રીને રજુઆત કરાશે

અમરેલી,

ગુજરાત રાજયના તમામ ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાનાં શિક્ષકો જે ૧૯૯૮ પછી નિમણુંક થયેલ હોય તેવા શિક્ષકોના કાયમી રક્ષણ અંગે સરકારશ્રી દ્વારા હાલ કોઈ નિર્ણય લિધેલ નથી. તેવી શિક્ષક હિતરક્ષક સમિતિ તથા રાષ્ટ્રીય મા. શિક્ષક મહામંડળ દ્વારા તા. ૧૨/૭ રવિવારના સવારે ૯ થી ૪ શિક્ષણમંત્રીશ્રીને રજુઆત કરવા ડો.હેડગેવાર ભવન બલિયાકાકા માર્ગ કાકરીયા અમદાવાદ ખાતે એક મિટીંગનું આયોનજ થતા આવા તમામ શિક્ષકોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવેલ છે. આવા શિક્ષક ભાઈઓને કોઈ કામ કે સંપર્ક માટે મો.૯૪૨૯૦ ૭૮૯૬૭, ૯૮૨૬૮ ૨૭૯૪૭,૯૪૨૯૮ ૩૮૦૩૭ ઉપર સંપર્ક સાધવા જણાવેલ છે.

# અમરેલીમાં અધિકમાસની વિવિધિ વિસ્તારોમાં ભવ્ય ઉજવણી



અમરેલીમાં અધિકમાસની ભવ્ય ઉજવણી થઈ રહી છે જેમાં ગુરુકૃપા નગરમાં પુરુષોતમ માસ નિમિતે હરેશભાઈ જોષીનાં ઘરે મહિલા મંડળ દ્વારા ગોરમા પુજન અને લાલાને છપ્પન ભોગ તથા મણીબા પાર્કમાં સત્સંગ અને રામજી મંદિર સત્સંગ મંડળ દ્વારા અમૃત નગર ખાતે વિવિધ ધર્મકાર્યો અને વૈજનાથ મહાદેવ મંદિર ચોરાપા ખાતે મહિલાઓ દ્વારા પૂજન અર્ચન ધૂન સહિતનાં કાર્યક્રમોમાં ઉમટી પડેલી ગોપીઓ તસવીરમાં નજરે પડે છે.

### જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ જેના ખેતરો સલામત છે તેને ફેન્સીંગની તાતી જરૂરીયાત

# ખેડૂતો માટે જૂથ ઝાળી ફેન્સીંગ યોજના મંજૂર કરવા માંગણી



## તાલુકા પંચાયત પ્રમુખ અશ્વિનભાઇ સાવલિયાએ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને લેખીત રજુઆત કરી યોજના મંજૂર કરવા માંગણી કરી

અમરેલી,

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિ બાદ જયાં અસર નથી થઈ તેવા ખેડૂતોનાં ખેતરો માટે ફેન્સીંગ અગત્યનું હોય અમરેલી તાલુકા પંચાયતનાં પ્રમુખ અશ્વિનભાઈ સાવલિયાએ મુખ્યમંત્રીશ્રી આનંદીબેન પટેલને ખેડૂતો માટે કિસાન જૂથ ઝાળી ફેન્સીંગ યોજના મંજૂર કરવા લેખીત રજુઆત કરી છે.

અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અશ્વિનભાઈ સાવલિયાએ મુખ્યમંત્રી શ્રી આનંદીબેન પટેલને કરેલી રજુઆતમાં જણાવ્યા મુજબ જિલ્લામાં અતિવૃષ્ટિની જયાં અસર નથી થઈ ત્યાં સલામતી માટે ખેડૂતોનાં કિંમતી ઉત્પાદનને ભયંકર નુકશાન કરતા રાની પશુઓ જેવા કે ભૂંડ રોજની સામે ખેડૂતોનાં ઉભા પાકનું રક્ષણ કરવું ખુબ જ જરૂરી છે તેવા સંજોગોમાં ખેડૂતોનાં લોકભાગીદારી જૂથનાં ૪૦ ટકા તથા રાજય સરકારશ્રીનાં ૩૦ ટકા તથા કેન્દ્ર સરકારશ્રીનાં ૩૦ ટકા મળી ૧૦૦ ટકાની યોજના બનાવી ખેડૂતોને સરકારશ્રી તથા ભારત સરકાર શ્રી દ્વારા ઉપરોક્ત ટકાવારી મુજબ સરકારી સહાયથી કિસાન જૂથ ફેન્સીંગ ઝાળી યોજના સત્વરે મંજૂર કરવા જણાવ્યું છે. અમરેલી જિલ્લામાં ભૂંડ અને રોજનાં કારણે ખેડૂતોનાં પાકને ભારે નુકશાની થતી હોય આ યોજના થકી ખેડૂતોને નુકશાની અટકશે સાથોસાથ ખેત ઉત્પાદન કૃષિ ક્ષેત્રે પણ ક્રાંતિ આવશે.

# જિલ્લામાં કુદરતી આપત્તિરૂપ અતિવૃષ્ટિમાં થયેલ નુકસાનને પહોંચી વળવા ખાસ પેકેજ આપવા માંગ

## અમરેલી જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિએ ગુજરાતનાં મુખ્યમંત્રીશ્રી આનંદીબેનને રજુઆત કરી

અમરેલી,

અમરેલી જિલ્લામાં કુદરતી આપત્તિરૂપ અતિવૃષ્ટિમાં થયેલ જાનમાલ, મિલ્કત ખેતીમાં ભયંકર તારાજી નુકશાનીને પહોંચી વળવા ખાસ પેકેજ જાહેર આપવા ગુજરાતનાં મુખ્યમંત્રી આનંદીબેન પટેલને પત્ર પાઠવી અમરેલી જિલ્લા ખેડૂત હિત રક્ષક સમિતિએ રજુઆત કરી છે.

અતિભારે વરસાદ થોડી કલાકોમાં જ ૩૦ ઈંચ કરતા વધારે પડવાથી અનેક ગામડાઓમાં, નાના મોટા શહેરોમાં ૪થી ૧૦ ફૂટ પાણી ફરી વળતા ઝુપડપટ્ટીમાં રહેતા ગરીબ માણસો તથા પાકા મકાનોમાં રહેતા લોકોની સમગ્ર ઘરવખરી નાશ પામી છે. તેવી જ રીતે વેપાર રોજગાર કરતા વેપારીઓને પણ ભયંકર નુકશાની વેઠવી પડેલ છે. મધ્યમ અને નાના વર્ગનાં લોકોના અનેક કાચા પાકા મકાનો પડી ગયા છે. તેમજ અનેક નિર્દોષ લોકોએ જાન ગુમાવેલ છે. હજારોની સંખ્યામાં માલઢોર જેવા કે, ગાડર, બકરા, ગાયો, ભેસો બળદ ઘોડા તેમજ જંગલી જાનવરો અસંખ્ય તણાઈને ડેમ કે દરિયામાં જતા રહ્યા છે. તેમજ ખેતી પ્રધાન દેશનાં ખેડૂત ખાતેદાર પણ અતિવૃષ્ટિનો ભોગ બની લાચાર બન્યા છે. કારણ કે હજારો હેકટર ફળદ્રુપ ખેતીની જમીનનું ધોવાણ એટલી હદે થઈ ગયું છે કે ખેતી કરવા લાયક જમીન જ રહી નથી.જેમનાં કારણે ખેડૂત ખાતેદાર લાચારી અનુભવી રહ્યા છે. પોતાનાં પરિવારનું ભરણ પોષણ કરવું પણ મુશ્કેલ બની ગયેલ છે. તેવા સંજોગોમાં ખેતી પ્રધાન ભારતદેશનાં અર્થતંત્રની કરોડરજજુ સમાન ખેતી હોય છતાં ધરતીપુત્રો પર આવી પડેલ આપત્તિ સમયે પોતાનો હક્ક મેળવવા આમતેમ ભટકી રહ્યા છે. જેથી તા.૧૧-૭-૧૫ સુધીમાં અમોની તમામ માંગણી અનુસાર રાજય કે કેન્દ્ર સરકાર તરફથી પેકેજ જાહેર કરવામાં નહિ આવે તો અમોને નાછૂટકે ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે. આંદોલનનાં ભાગરૂપે અમરેલી શહેર, જિલ્લા બંધ, રસ્તા રોકો, સ્કૂલ કોલેજો બંધ, કલેકટર ઓફિસને તાળાબંધી, મીનીસ્ટરો કે પ્રભારી માટે નો એન્ટ્રી કરવા કે વસ્ત્રાહરણ કરવાની અમોને ફરજ પડશે. જેમની સંપૂર્ણ જવાબદારી રાજય સરકાર અને વહીવટીતંત્રની અંગત રહેશે. જે વિદિત થાય. હાલની પરિસ્થિતિ અનુસાર સરદાર પટેલનાં શબ્દો મુજબ કોઈ એક ગાલ પર તમાચો મારે તો બીજો ગાલ ન ધરવાનો અમોએ પણ દ્રઢ નિર્ધાર સાથે આ લડતનાં મંડાણ માંડેલ છે અને અમારો હક્ક મેળવીને જ શાંતિ અનુભવશુ તેમ રજુઆતમાં જણાવ્યું છે.

### ઝુંપડા તણાઇ જતા

# પાણીયાદેવમાં તાલપત્રી વિતરણ

## આગેવાનોના હસ્તે વિતરણ : અતિવૃષ્ટિથી ભારે નુકશાન



ચલાલા, પાણીયાદેવના ઝુંપડા તણાઈ જતા તાલપત્રી વિતરણ કરવામાં આવી હતી. ધારી તાલુકાના પાણીયાદેવ ગામે ૨૪-૬-૧૫ના રોજ અતિભારે વરસાદથી દેવીપુજક સમાજના ત્રણ ઘરોના ઝુંપડા અને ઘરવખરી- અનાજ બધુજ તણાય જતા તાલુકા પંચાયત ધારી તરફથી દેવીપુજક(૧)વાઘેલા લાભુ હેમકુ(૨)વાઘેલા પુના હેમકુ(૩)વાઘેલા હકા હેમકુ(૪)બાવાજી શ્યામગીરીને ગામના સરપંચશ્રી ચંપુભાઈ વાળા-કાનજીભાઈ પરમાર તલાટીમંત્રીશ્રી જે.ડી.ત્રિવેદી , હકુભાઈ વાળા-નનુભાઈ શિરોયા, દેવમુરારી મુકેશભાઈ તાલુકા વિકાસ અધિકારીશ્રી.નારોલા એસ.ઓ.નાકરાણીશ્રીએ દેવીપુજક સમાજને તાત્કાલીક ઝુંપડા બાંધવા માટે તાલપત્રી પાણીયાદેવ ગામે જઈને વિતરણ કરીને ગરીબ પરિવારને કામચલાઉ મકાન માટે તાલપત્રી વિતરણ કરેલ છે.

# બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજની વાર્ષિક સાધારણ સભા : વિદ્યાર્થી સન્માન

## ધરાઇમાં જ્ઞાતિ આગેવાનોની વિરાટ ઉપસ્થિતિમાં તેજસ્વી તારલાઓને સન્માનીત કરાશે : તડામાર તૈયારીઓ

બાબરા,બાબરા તાલુકા રામાંદી સાધુ સમાજની વાર્ષિક સાધારણ સભા અને વિદ્યાર્થી સન્માન કાર્યક્રમ યોજાનાર છે.

બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજની વાર્ષિક સાધારણ સભા તથા વિદ્યાર્થી સન્માન સમારોહ બાબ રા તાલુકાનાં ધરાઈ ગામે તા.૧૯-૭-ને રવિવાર સવારે ૯-થી બપોરનાં ૧૨-૩૦ રવિવારે સવારે ૯-થી બપોરનાં ૧૨ -૩૦ કલાક સુધી પરમ પૂજય સંતશ્રી મણીરામબાપા ગુરુશ્રી દયારામબાપા, શ્રી બાપાસીતારામ આશ્રમ હડાળા, મોરબી રોડ રાજકોટનાં અધ્યક્ષ સ્થાને યોજાશે. પૂજય ઘનશ્યામદાસબાપુ તાપડીયા આશ્રમ બાબરા, પૂ. ચેતનદાસબાપુ, ગુરુશ્રી યમુનાદાસ બાપુ મારૂતીધામ, રફાળીયા, પૂ. ત્રીભોવનદાસબાપુ, સીતારામ આશ્રમ સતાપર, પૂ. રાજુબાપુ ગુરુશ્રી મુળદાસબાપુ ગેબી વિસામો બાબરા વગેરે સંતો ધો.૧૦-૧૨ તથા ગ્રેજયુએટ કક્ષાએ ૭૦ ટકા માર્કસ મેળવનાર વિદ્યાર્થી, ભાઈ-બહેનોનું સન્માન કરી આશિર્વાદ આપશે. તેમજ ધો.૧થી ૧૦ સુધીનાં તમામ વિદ્યાર્થીઓને શ્રી પ્રવીણભાઈ રતનભાઈ કુબાવત (રઘુવંદન ટ્રેડીંગ મા.બોર્ડ બાબરા) તરફથી ફુલ સ્કેપ નોટબુકો તથા બોલપેન સ્થળ ઉપર હાજર વિદ્યાર્થીઓને આપવામાં આવશે.

જિલ્લા જ્ઞાતિ પ્રમુખશ્રી કે.સી.નિમાવત તથા તાલુકાનાં તમામ પ્રમુખહશ્રીઓ તથા કારોબારી સભ્યો ખાસ હાજરી આપશે.કાર્યક્રમને સફળ બનાવવા બાબરા તાલુકા રામાનંદી સાધુ સમાજનાં પ્રમુખ શ્રી દલપતભાઈ એમ. લશ્કરી, ઉપપ્રમુખ શ્રીઓ દુલાબાપુ વી.દેવમુરારી, પ્રફુલ્લભાઈ એ.લશ્કરી, મંત્રીશ્રી ભરતભાઈ વિષ્ણુસ્વામી, ખજાનચી શ્રી રસીકભાઈ અગ્રાવત તથા તમામ કારોબારી સભ્યો મહેનત કરી રહ્યા છે. યુવા પ્રમુખ શ્રી જનકભાઈ અગ્રાવતની આગેવાની નીચે તેમની યુવા ટીમ કાર્યક્રમને સફળ બનાવવા થનગની રહ્યા છે. જિલ્લા ઉપપ્રમુખ શ્રી ગુલાબબાપુ કુબાવત, પૂર્વ તાલુકાનાં જ્ઞાતિ પ્રમુખ શ્રી ડો.રૂગનાથભાઈ કુબાવત, જિલ્લા ટ્રસ્ટીશ્રી પ્રતાપભાઈ દેવમુરારીએ તમામ જ્ઞાતિ ભાઈઓને પરિવાર સાથે ઉપસ્થિત રહેવા અપીલ કરેલ છે.

# સુરતથી જેજે એક્ષપોર્ટ દ્વારા કીટ વિતરણ



તસવીર- પરેશ રાઠોડ-ચમારડી

ચમારડી,

સુરત જેજે એક્ષપોર્ટ સહિતે અસરગ્રસ્ત વિસ્તારોમાં કિટ વિતરણ કરી હતી. ઈંગોરાળાનાં વતની જેપી ઠેસીયા, જેજે એક્ષપોર્ટ ફેમીલી ટ્રસ્ટ દ્વારા અસરગ્રસ્તોને પાંચસો ઉપરાંતની કિટોનું વિતરણ કરી વતનને મદદરૂ બન્યા હતા. આ ટ્રસ્ટને સુરતનાં ભાજપનાં ધારાસભ્ય પૂર્ણેશ મોદી, શહેર ભાજપ મહામંત્રી લલીતભાઈ વેકરીયા, કાળુભાઈ, રાકેશ વી. ઘોઘાણી, રાજુભાઈ પટેલ, કિશોરભાઈ ભીખુભાઈ, હરેશભાઈ સહિતે સહયોગ આપ્યો હતો.

# અમરેલી રોટરી કલબના હોદ્દેદારોનો શપથગ્રહ સમારોહ રવિવારે યોજાશે

## પ્રમુખ તરીકે શ્રી લાલજી પોકાર અને સેક્રેટરી તરીકે હસમુખ પટેલ શપથ લેશે



અમરેલી,અમરેલી રોટરી કલબના હોદ્દેદારોનો સમથગ્રહ સમારોહ તા. ૧૨ ને રવિવાર સવારે ૧૦ કલાકે હોટલ એન્જલ ખાતે યોજાશે. જેમાં નવા પ્રમુખ લાલજીભાઈ પોકાર અને હસમુખભાઈ પટેલને પીડીજી સુરેશભાઈ ગાંધી ઈન્સ્ટોલેશન ઓફીસર તરીકે અને ચીફ ગેસ્ટ તરીકે કિશોરભાઈ દોશીની ઉપસ્થિતીમાં સપથગ્રહણ સમારોહ યોજાશે. તેમ હાલના પ્રમુખ જયસુખભાઈ રોકડ અને સેક્રેટરી જવાહરભાઈ વરીયાની યાદીમાં જણાવાયું છે. આ પ્રસંગે એ.ડી.રૂપારેલ, અરવિંદભાઈ પોલરા, ભરતભાઈ હિંગુ, ભરતભાઈ પંડયા,ભાવિન અડાલજા,ડો. પી.પી.પંચાલ, ડો. ડી.એમ.ઉનડકટ, ડો. સ્નેહલ પંડયા સહિત રોટરી કલબના મેમ્બરો ઉપસ્થિત રહેશે.

# તોરી અને રામપુર રોડ પર ડબલ વળાંકમાં વાહન ચાલકો અને મુસાફરોનો ભય દૂર કરવા માંગણી

## અગાઉ મુખ્યમંત્રીને સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરેલી છતાં પણ કોઇ ઉકેલ નથી આવ્યો

તોરી,તોરી રામપુર રોડ પર ડબલ વળાંકમાં વાહન ચાલકો મુસાફરોનો ભય દૂર કરવા લોકમાંગણી ઉઠી છે તોરી રામપુર રોડ પર ડબલ વળાંક આવેલ છે તેણે અનેક નિર્દોષ લોકોનો ભોગ લીધો છે. અવાર નવાર નાના મોટા અકસ્માતોનાં બનાવો બને છે તે અંગે આઝાદ યુવક મંડળ દ્વારા મુખ્યમંત્રીનાં સ્વાગત કાર્યક્રમમાં રજુઆત કરેલ છે. પણ માત્ર આશ્વાસન જ મળે છે. ૨૦૧૪માં લેખીત જવાબ મળેલો નીતનવા અખતરા થાય છે. નવીન બમ્પ ઉભા કરી નાખે છે. લોખંડનાં બોર્ડ મુકે, તે બોર્ડ પણ કોઈ ઉઠાવી જાય આવા અનેક પ્રશ્નો છે યોગ્ય ન થાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવા પણ ચક્રો ગતિમાન થયાનું જણાવ્યું છે.

# ભોરીંગડા નાલંદા વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

## સંસ્થાનાં પ્રમુખ અને કેળવણીકાર શ્રી મનુભાઇ ચાવડા અને કેળવણી વિદ્દની ઉપસ્થિતિમાં બાળકોને શાળામાં હરખભેર પ્રવેશ અપાયો : ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાયા



લીલિયા,

લીલિયાનાં ભોરીંગડામાં નાલંદા વિદ્યાલયમાં શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

કે,લીલીયા તાલુકાનાં ભોરીંગડા ગામમાં આવેલી નાલંદા વિદ્યાલય શૈક્ષણીક સંકુલ શાળામાં શાળા પ્રવેશોત્વની ભવ્ય ઉજવણીનો કાર્યક્રમ તા.૨/૦૭/૧૫ને ગુરૂવારનાં રોજ યોજાયો હતો.

સૌ પ્રથમ કાર્યક્રમની શરૂઆત શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા સમુહમાં વિદ્યાની દેવી માં સરસ્વતીની ઉપાસનાથી કરવામાં આવી હતી ત્યારબાદ શાળાનાં આચાર્યશ્રી વિજયભાઈ બાંભણીયા દ્વારા આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સ્વાગત કતવામાં આવ્યું હતું સાથે જ અભ્યાસનું મહત્વ, શાળાનું મહત્વ જીવનમાં વિદ્યાભ્યાસ કરી જીવનની ઉચ્ચ કારર્કિદી ઘડવાની સલાહ આપી હતી ત્યારબાદ શાળાનાં આદ્યસ્થાપક મનુભાઈ ચાવડા અને આમંત્રિત મહેમાનોનું શાલ, પુષ્પગુચ્છથી સ્વાગત કરાવામાં આવ્યું હતુ અને બાદ શાળાનાં પ્રેરણાસ્ત્રોતથી મનુભાઈ ચાવડા દ્વારા નવા ભલકાઓને વિધિવત પ્રવેશ આપી પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતુ સાથે જ ભણતરની જરૂરીયાત, આવશ્યકયતા અને ઉપયોગિતાનું ઉદાહરણસહ સમજાવી વિદ્યાર્થીને ભણવા અને ગણવામાં ધ્યાન આપવા જણાવ્યું હતુ.ત્યારબાદ શાળાનાં દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજુ કરી કાર્યક્રમને યાદગાર બનાવવાનો પ્રયત્ન કર્યો હતો.આ તમામ કાર્યક્રમને સફળ બનાવવામાં શાળાના સંચાલકશ્રી જગદીશભાઈ રંગપરા, આચાર્યશ્રી વિજયભાઈ બાંભણિયા તથા સુપરવાઈઝરશ્રી આશિષભાઈ કાચાએ તથા સમગ્ર સ્ટાફ ગણે સફળ માર્ગદર્શન પુરૂ પાડયું હતું

